# FORM B-1

## ફોર્મ ખ–૧

## VAGHODIYA NAGARPALIKA

## વાઘોડિયા નગરપાલિકા

**PERCENTAGE RATE TENDER AND CONTRACT FOR WORKS**

**કામો માટેનું ટકાવારી દરવાળું ટેન્ડર કોન્ટ્રાકટ**

| | |
|---|---|
| **Name of Work:-**<br>કામનું નામ:- | **Annual Rate for the Financial Year 2026-27 for Supplying of Water Works Materials & General Water Supply maintenance work and Drainage maintenance Work at Vaghodiya Nagarpalika, Ta.VADHODIYA, Dist.Baroda** |
| **Dept. - વિભાગ :** | **VaghodiyaNagarpalika Dept., VADHODIYA** |

**ટેન્ડરની આખરી તારીખ:** 05/07/2026 **૧૮.૦૦ કલાક સુધી**

**ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ:** 05/07/2026 **કચેરીના કામકાજના ૧૮.૦૦ કલાક સુધી**

**ફીઝીકલ બીડ મોકલવાની આખરી તારીખ :–** **ડોકયુમેન્ટ તથા તમામ સાધનીક પુરાવા તા.** 08/07/2026 **સુધીમાં ફકત રજી.પોસ્ટ ધ્વારા જ સ્વીકારવામાં આવશે, મુદત બાદ આવેલ ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.**

**ટેન્ડર ખુલવાની તારીખ :–** **તા.** 09/07/2026

# MEMORANDUM OF WORKS IN BRIEF

## કરવાના કામની ટુકમાં યાદી

1) Name of work કામનું નામ — **Annual Rate for the Financial Year 2026-27 for Supplying of Water Works Materials & General Water Supply maintenance work and Drainage maintenance Work at Vaghodiya Nagarpalika, Ta.VADHODIYA, Dist.Baroda**

2) Estimated Cost - અંદાજીત કિંમત — **Rs. -**

3) Earnest Money - બાનાની રકમ — **Rs. 50,000.00 (EMD will be retain as Security deposit up to completion of the tender)**

4) Validity period of tender offered — 120 days from the stipulated date of opening of price bid but no modification shall be allowed after down loading of tender.

ઓફર કેટલા દિવસ ખુલ્લી રહેશે. — ટેન્ડર ના પ્રાઈસબીડ ખોલ્યા તારીખ થી ૧૨૦ દિવસો સુધી ડાઉન લોડ થયા પછી (વેલીડીટી સમય પુરો થાય ત્યાં સુધી) કોઈ ફેરફાર કરી શકાશે નહી.

5) Security Deposit - જામીનગીરી અનામત કુલ — **5 %** — **Rs**

(i) To deducted from bills — **5 %** — **Rs.**

(i) રજુ બીલમાંથી કપાત — **રૂા.**

Total એકંદરે — કુલ — **રૂા.**

6) Tender Fee — **Rs. 1000.00(Non Refundable)**

7) Time allowed for completion of the work from the date of written order to commence — As per separate work order

કામ શરૂ કરવાના હુકમ મળ્યા તારીખથી કામ પુરૂ કરવા માટેનો મળવાપાત્ર સમય — ( કામવાર આપવામાં આવતા વર્કઓર્ડરમાં દર્શાવ્યા મુજબ)

8) Other details - અન્ય વિગતો

(i) Date on or before which the tender must be submitted Online.

(૧) ટેન્ડર ઓનલાઈન પર ભરીને વેબસાઈટ પર મુકી દેવાની છેલ્લી તારીખ

(ii) Mode of sending the tender — (a) Online through e-tendering only.

(૨) ટેન્ડર મોકલવાની પધ્ધતિ — (ક) ઓનલાઈન થ્રુ ઈ–ટેન્ડરીંગ ધ્વારા

(b) Tenders sent by post will be Out right rejected. — (ખ) સાદી ટપાલથી મોકલેલ ટેન્ડર સીધુ રદ કરવામાં આવશે.

(iii) Description essential to be made on bid — (a) Name of Work — (ક) કામ નું નામ

(૩) મહોરબંધ કવર પર દર્શાવવાની જરૂરી વિગત — (b) Last date of receiving the tender — (ખ) ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ

(iv) Mode of quoting rate in Schedule “B” — In figures as well as words

(૪) અનુસુચિ 'ખ' માં ભાવ ભરવાની રીત — આંકડા તેમજ શબ્દોમાં

# વાઘોડિયા નગરપાલિકા

## શરતો અને બોલીઓ

૧. આ કામની પાકી કબુલાત તમારા ખર્ચે ભાવ મંજુર થયાના દિન – ૭ માં , રૂા. ૩૦૦.૦ ના સ્ટેમ્પ પેપર અથવા સરકારશ્રીની સુચના મુજબની રકમના સ્ટેમ્પ પેપર ઉપર કરી આપવાનો રહેશે. કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન આપની પાસેથી ખરીદ કરવા ન કરવાની સત્તા નગરપાલિકાની અબાધિત રહેશે. વર્ક ઓર્ડર મુજબનો સપ્લાયળકામ સમયમર્યાદામાં પુર્ણ ન થાય તો, અત્રે જમા લેવામાં આવેલ, સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.

૨. ઈજારદારશ્રીએ સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ, ઓછામાં ઓછા રૂા. ૧૦.૦ લાખની રકમના કામોના અનુભવના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે, તે સિવાય ભાવપત્રક મંજુર કરવામાં આવશે નહી.

૩. બાના પેટે રજુ કરવામાં આવેલ રૂા.૫૦,૦૦૦/– ની રકમની થાપણ, સીકયુરીટી ડિપોઝીટ તરીકે જમા લેવામાં આવશે, જે કોન્ટ્રાકટ સંતોષકારક રીતે પુર્ણ થયા બાદ જ પરત મળશે. તમામ સપ્લાય તથા કામગીરીના બીલની રકમના ૫% મુજબની રકમની અલગથી સીકયુરીટી ડીપોઝીટ તરીકે કપાત કરવામાં આવશે, જે કોન્ટ્રાકટ પુર્ણ થયા બાદ પરત મળશે. સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવે તે મુજબની કપાત કરવામાં આવશે.

૪. મોકલવામાં આવેલ તમામ પાણી પુરવઠાના માલસામાનની ગુણવત્તાની ચકાસણી સરકારી/સરકાર માન્ય લેબમાંથી એજન્સીએ સ્વખર્ચે કરી આપવાની રહેશે. એજન્સીએ તમામ સપ્લાયળકામ સાથે ટેસ્ટ રીપોર્ટ અવશ્ય રજૂ કરવામાં રહેશે ત્યારબાદ જ બીલની ચુકવણી કરવામાં આવશે.

૫. સપ્લાય કરેલ મટીરીઅલ તથા કરેલ કામગીરી નગરપાલિકાના પાણી પુરવઠા મિકેનીકલ ઈજનેરશ્રી પાસે ખાતરી કરાવ્યા બાદ જ ચુકવણું કરવામાં આવશે, સપ્લાય કરેલ મટીરીઅલળકામ અસંતોષકારક અથવા ગુણવત્તા સભર ન જણાતા, નગરપાલિકાના પાણી પુરવઠા મિકેનીકલ ઈજનેરશ્રી તથા સબંધિત અધિકારી જણાવે તો આપના ખર્ચે પરત લઈ યોગ્ય મટીરીઅલ ફરીથી સપ્લાયળકામ કરી આપવાનું રહેશે.

૬. ઉપરોકત ભાવો તમામ સપ્લાય તથા ટેક્ષના ખર્ચ સહીતના રહેશે. કોઈપણ સપ્લાય તથા કામગીરી અત્રેની કચેરીના લેખીત વર્ક ઓર્ડરના હુકમ બાદ જ કરવાનો રહેશે. નગરપાલિકા ચીફ ઓફીસરના લેખીત હુકમ કે જાણ બહાર કરેલ સપ્લાય કે કામગીરીની જવાબદારી નગરપાલિકાની રહેશે નહી, તેમજ તેનું ચુંકવણું કરવામાં આવશે નહી.

૭. કોઈપણ સંજોગોમાં મટીરીઅલ તથા કામગીરીની ગુણવત્તા અંગે દગો માલુમ પડશે તો અથવા કોઈ સંજોગોમાં અન્ય એજન્સી પાસે સપ્લાય તથા કામગીરી કરાવવુ પડે તો, તેમાં જે કાંઈ પણ ખર્ચ થાય તે આપના બીલમાંથી અગર આપની મિલ્કતમાંથી કાયદેસર વસુલ કરવામાં આવશે, જેમાં આપની કોઈપણ તકરાર ચાલશે નહી, અને જો બચત રહે તો તેમાં આપનો કોઈપણ હક લાગશે નહી.

૮. અત્રેથી હુકમ કરાય તે મુજબ કામ બંધ/શરૂ કરવાનું રહેશે. અત્રેથી કામમાં વધારો/ ઘટાડો કરવાનું જણાવવામાં આવે તો તે પ્રમાણે કરવાનું રહેશે. કામમાં વધારો થશે તો વધારાના કામના પૈસા સદરહું કામની આઈટમના સામે મંજુર થયેલ ભાવ પ્રમાણે ચુકવવામાં આવશે, અથવા અત્રેથી જે ભાવ નકકી કરવામાં આવશે તે મુજબ ચુકવવામાં આવશે.

૯. કામગીરી દરમિયાન નગરપાલિકાની અન્ય કોઈપણ અકસ્યામત ને નુકશાન પહોંચે તો ઈજારદારશ્રીએ સ્વખર્ચે કરી આપવાનું રહેશે. પાણીની લાઈન અને કનેકશન, ગટર લાઈન અને કનેકશન તુટે તો ઈજારદારશ્રીએ સ્વખર્ચે કરી આપવાનું રહેશે.

૧૦. સાઈટ પર કામમાં કોઈ બાળમજુરોનો ઉપયોગ કરી શકાશે નહી.

૧૧. બીલના નાણાં નાણાંકીય ઉપલબ્ધી અનુસાર તથા સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળેથી ચુકવવામાં આવશે. કોઈપણ કામમાં ચુકવણું ન થવાના સંજોગોમાં અન્ય સપ્લાય / કામ બંધ રાખી શકાશે નહી.

૧૨. જો આપના નજીકના સગા આ નગરપાલિકાની કચેરીમાં ચીફ ઓફીસર, મદદનીશ ઈજનેર, અધિક મદદનીશ ઈજનેર, ઈજનેર ઓવરસીયર, કલાર્ક, હિસાબનીશ તથા અન્ય પદાધિકારી તરીકે હાલ ટેન્ડર ભરવાની તારીખે કામ કરતા હશે,અથવા હોદદો ધરાવતા હશે, તે આપના ભાવ ખોલવામાં આવશે નહી.

૧૩. ટેન્ડરમાં ભરેલી આઈટમના ભાવામાં ભુલચુક રહેશે તો આપના જોખમે છે.

૧૪. આ કામ અંગે આપને સામાન લઈ જવો અગર લાવવો પડે તો તેનો તમામ ટેક્ષ આપને ભરવાનો રહેશે.

૧૫. આ ભાવો તા. ૩૧/૩/૨૦૨૮ સુધી આપવામાં આવેલ વર્ક– ઓર્ડર માટેજ અમલી રહેશે. તા.૩૧/૩/૨૦૨૬ બાદ નગરપાલિકા જણાવે તો તે પ્રમાણે કામગીરી કરી આપવાની રહેશે.

૧૬. કોઈપણ વિવાદની બાબતમાં નગરપાલિકાનું અર્થઘટન આખરી ગણાશે, તેમજ વિવાદના સંજોગો માટેનું ન્યાયીક ક્ષેત્ર વાઘોડિયા રહેશે.

૧૭. ટેકનીકલ સ્પેશીફીકેશન મુજબ મટીરીયલ્સ સપ્લાય તથા કામગીરી કરવાનુ રહેશે.

૧૮. તમામ મટીરીયલ્સ સરકાર માન્ય આઈ.એસ.આઈ. માર્કા વાળુ પુરૂ પાડવાનુ રહેશે.

૧૯. તમામ મટીરીયલ્સ તથા કામગીરીની ખાત્રી વાઘોડિયા નગરપાલિકાના મીકેનીકલ ઈજનેરશ્રી પાણી પુરવઠા વિભાગ ને કરાવવાની રહેશે.

આ ટેન્ડરમાં ભરેલ ભાવ મે મારી રાજીખુશી તથા અકકલ હોંશીયારીથી ભરી આપેલ છે તે મને તથા મારા વારસોને કબુલ મંજુર છે.

તા.

કોન્ટ્રાકટરની સહીઃ–

સરનામુઃ–

ચીફ ઓફીસર
વાઘોડિયા નગરપાલિકા

પ્રમુખ
વાઘોડિયા નગરપાલિકા

કોન્ટ્રાકટર ની સહી :–

## એજન્સીની પાત્રતાના ભારાંક (Eligibly Criteria)
## નીચે જણાવ્યા મુજબના આધારભુત પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાના રહેશે.

(૧) મ્યુની.કોર્પો/સરકારી/અર્ધ સરકારી/બોર્ડ/નિગમ/જાહેર સંસ્થાઓમાં યોગ્ય વર્ગ અને શ્રેણીમાં રજીસ્ટ્રેશન કે માન્યતા ધરાવતા હોય તો તેની પ્રમાણિત નકલ.

(૨) ખાનગી ઈજારદાર / વ્યકિત/પેઢી/મંડળી કે જે ગુમાસ્તાધારા સર્ટીફીકેટ ધરાવતો હોવો જોઈએ તેની પ્રમાણિત નકલો.

(૩) ઈજારદારશ્રીએ રૂા. ૫,૦૦,૦૦૦.૦ ની માન્ય રાષ્ટ્રીયકૃત/શીડયુલ બેંકની સોલવંશી રજુ કરવાની રહેશે.

(૪) કામ માટે જરૂરી રકમનો ટેન્ડર ફી નો ડીડી રૂા.૧૦૦૦/- ચીફ ઓફીસર વાઘોડિયા નગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે.

(૫) કામ માટે જરૂરી રકમનો ઈ.એમ.ડી. રૂા.૫૦૦૦૦/- ચીફ ઓફીસર વાઘોડિયા નગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે.

(૬) ઓછામાં ઓછા રૂા. ૧૦.૦ લાખની રકમના પુર્ણ કરેલ સમાન કામના આધારભૂત પ્રમાણપત્રો

(૭) છેલ્લા ૩ વર્ષના ઈન્કમટેક્ષ સર્ટીની પ્રમાણિત નકલ. ઈ.પી.એફ. સર્ટીફીકેટની પ્રમાણીત નકલ.

(૮) જી.એસ.ટી. સર્ટીફીકેટની પ્રમાણીત નકલ તથા છેલ્લા ૧ વર્ષમાં જી.એસ.ટી ભર્યાની નકલ.

E2-ક્લાસ અને તેનાથી ઉપરના વર્ગમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટર સ્વ પ્રમાણિત નકલ.

ઉપર જણાવેલી વિગતો ઓનલાઈન સ્કેન કરી ટેન્ડર સાથે અચુક જોડવાની રહેશે, તે સીવાયના ભાવપત્રકો માન્ય ગણાશે નહી.

નોંધ :- ઉપર જણાવ્યા મુજબની વિગતો ખોટી જણાશે તો, ભાવપત્રકો માન્ય ગણાશે નહી, તેમજ જો કરાર ચાલુ હશે તો તે રદ કરવામાં આવશે.

ચીફ ઓફીસર
વાઘોડિયા નગરપાલિકા